* * *

**રાજ્ય પારિતોષિક-2015ના વર્ષ માટેની જિલ્લા કક્ષાની ભલામણો અત્રેની કચેરીમાં મોકલી આપવા અંગે**

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ક્રમાંક : 46/રા.પા./2015/જ/1152-1253
બ્લૉક નં. 12/1, ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 07-07-2015

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષય:- રાજ્ય પારિતોષિક-2015ના વર્ષ માટેની જિલ્લા કક્ષાની ભલામણો અત્રેની કચેરીમાં મોકલી આપવા અંગે

*સંદર્ભ:-*

*(1) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પીઆરઇ/1107/603/ક, તા. 07-08-2007.*
*(2) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પીઆરઇ/1109/529/ક, તા. 05-03-2011.*
*(3) શિક્ષણ વિભાગનો સુધારા ઠ.ક.: પીઆરઇ/11/2012-26698/ક, તા. 18-05-2013.*
*(4) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પીઆરઇ/1114/306932/ક, તા. 07-08-2014.*

(1) ચાલુ વર્ષ-2015ના એવોર્ડ સંદર્ભ-4ના ઠરાવ મુજબ આપવાના થાય છે. રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકો/આચાર્યોમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે દર વર્ષ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા પસંદગી કરી પારિતોષિક આપવાની યોજનાની પુનઃરચના કરવામાં આવી છે અને તે પ્રમાણે સપ્ટેમ્બર-2015માં એનાયત કરવાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવા

માટે તાલુકા/જિલ્લા કક્ષાએથી અધ્યક્ષતાવાળી પસંદગીસમિતિ તરફથી ભલામણો સાથેની દરખાસ્તો મંગાવવામાં આવે છે.

(2) સંદર્ભ ક્રમ-4ના ઠરાવ મુજબ દરખાસ્તો ઓનલાઇન મંગાવવાનું નક્કી થયેલ છે, પરંતુ ખાસ કિસ્સામાં ચાલુ વર્ષે તાલુકા / જિલ્લા તથા રાજ્ય કક્ષાના એવોર્ડ માટેની અરજીઓ સંબંધિતો પાસેથી ઓફલાઇન એટલે કે સીધેસીધી મોકલવાની રહેશે. તાલુકા કક્ષાના તથા જિલ્લા કક્ષાના એવોર્ડ માટે અરજીઓ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ મેળવવાની રહેશે અને તાલુકા તથા જિલ્લા એવોર્ડની પસંદગી જિલ્લા / તાલુકા શ્રેષ્ઠ શિક્ષક પસંદગી સમિતિ પાસે કરાવવાની રહેશે. જેના સભ્ય સચિવ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી છે.

(3) તાલુકા તથા જિલ્લા કક્ષાના, એવોર્ડની પસંદગી મોડામાં મોડા તા. 04-08-2015 સુધીમાં પૂર્ણ કરી પસંદગી પામેલા એવોર્ડીની યાદી રૂબરૂ મુદ્દામ માણસ સાથે અત્રેની કચેરીને તા. 05-08-2015ના રોજ મોકલી આપવાની રહેશે. રાજ્ય કક્ષાના એવોર્ડ માટેની અરજીઓ જે તે જિલ્લાએ નીચે મુજબના સમયપત્રક પ્રમાણે અત્રે મોકલી આપવાની રહેશે.

| ક્રમ | જિલ્લાઓના નામ | આ કચેરીમાં રૂબરૂ રજૂ કરવાની તારીખ | સમય અને વાર |
|---|---|---|---|
| 01 | પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી | 29-07-2015 | બુધ 11 વાગે |
| 02 | કચ્છ, બનાસકાંઠા, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર. | 29-07-2015 | બુધ 12 વાગે |
| 03 | વડોદરા, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, આણંદ | 30-07-2015 | ગુરૂ 11 વાગે |
| 04 | ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડ, સુરત. | 30-07-2015 | ગુરૂ 12 વાગે |
| 05 | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, દેવભૂમિ દ્વારકા | 31-07-2015 | શુક્ર 11 વાગે |
| 06 | પોરબંદર, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ | 31-07-2015 | શુક્ર 12 વાગે |

રાષ્ટ્રીય પારિતોષિક માટે અલગ-અલગ તારીખ નક્કી કરવામાં આવેલ હોઇ તે તારીખે જ મોકલવાના રહેશે તેમજ રાજ્ય પારિતોષિક અને રાષ્ટ્રીય પારિતોષિકના રોજકામ અલગ અલગ મોકલવાના રહેશે.

સ્થળ:- અધિક્ષક - જ શાખા
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
12/1. ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર.

સહી, સત્તાધિકારી
નાયબ શિક્ષણ નિયામક અને સભ્ય સચિવ રાજ્ય પસંદગી સમિતિ

* * *